| | | |
|---|---|---|
| રજુ કર્યા તારીખ | : | ૧૫–૧૧–૨૦૨૨ |
| દાખલ તારીખ | : | ૧૫–૧૧–૨૦૨૨ |
| ફેંસલ તારીખ | : | ૦૯–૧૨–૨૦૨૨ |
| અવધી : | | વર્ષ–માસ–દિવસ |

**ઘોઘાનાં મહે.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ.ઘોઘા**

**ફોજદારી કેસ નં.૧૧૮૧/૨૦૨૨**

**આંક :**

ફરીયાદી : શ્રી સરકાર

**વિરૂઘ્ધ**

આરોપીઓ : (૨) જયરાજ દિપકભાઈ ખમળ
ઉ.વ.૨૦, ધંધો.અભ્યાસ, જાતે.આહીર
રહે.ચિત્રા, નેકસા શોરૂમ પાછળ, ભાવનગર

(૩) ભૌમીક હરેશભાઈ મેર
ઉ.વ.૧૯, ધંધો.નોકરી, જાતે.ગરાસિયા
રહે.સંઘેડીયા બજાર, ભોજાણી કટપીસ, ભાવનગર

(૪) અલ્પેશભાઈ ઘનશ્યામભાઈ મકવાણા
ઉ.વ.૨૩, ધંધો.અભ્યાસ, જાતે.કોળી
રહે.શિવશકિત સોસાયટી, હાદાનગર, ભાવનગર

**ગુન્હો :–પ્રોહીબીશન એકટ કલમ : ૬૫(એએ),૧૧૬(બી),૯૮(૨),૮૧ મુજબ**

---

પ્રોસીકયુશન પક્ષે વિ.એ.પી.પી.શ્રી એસ.એન.ગોહેલ
આરોપીઓ પક્ષે વિ.વ.શ્રી એન.જે.ટીમાણીયા

---

**–// ચૂકાદો //–**

(૧) ફરીયાદ પક્ષની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ ગેરકાયદેસર અને વગર પાસ પરમીટે પોતાના કબજા ભોગવટાની મારૂતી સ્વીફટ કાર રજી નં.જીજે–૦૪–સીજે–૧૪૨૧, કિ.રૂ.૨,૦૦,૦૦૦/– માં દારૂની બોટલ નંગ–૧,

કિ.રૂ.૩૦૦/– તથા બીયર ટીન નંગ–૧, કિ.રૂ.૧૦૦/– મળી કુલ રૂ.૨,૦૦,૪૦૦/– ના મુદ્દામાલ સાથે પકડાઈ ગયેલ જેથી આ કામનાં ફરીયાદીની ફરીયાદના આધારે ઘોઘા પોલીસે ગુ.ર.નં.૧૧૧૯૮૦૨૦૨૧૦૭૭૯/૨૦૨૧ થી આરોપીઓ વિરૂધ્ધ પ્રોહીબીશન એકટ કલમ : ૬૫(એ,એ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧ મુજબનો ગુનો નોંધી તપાસ કરતાં, પ્રોહી પ્રતિબંધક વિસ્તારમાં ગુનો કર્યા સબબ પુરાવો આરોપીઓ વિરૂધ્ધ મળી આવેલ હોય, આરોપીઓ સામે અત્રેની અદાલતમાં ત.ક.અમલદાર ધ્વારા ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

(૨) ત્યારબાદ આરોપીઓને સમન્સ બજતાં આરોપી નં.૨, ૩, ૪ નાઓ પોતાના વકીલ મારફત કોર્ટ રૂબરૂ હાજર થતાં, આંક–૭ થી આરોપી નં.૨ થી ૪ નાઓના વિ.વ.શ્રી ધ્વારા તેઓનો કેસ આરોપી નં.૧ થી અલગ ચલાવવા માટેની અરજી રજુ કરતાં, તે અરજી લગત આરોપી નં.૨ થી ૪ નો કેસ અલગ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે. તેમજ ક્રિ.પ્રો.કોડ કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળો પુરા પાડી, આંક–૮ થી આરોપી નં.૨ થી ૪ સામે તહોમતનામુ ફરમાવી, આંક–૯ થી ૧૧ માં પ્લી રેકર્ડ કરતાં આરોપી નં.૨ થી ૪ નાઓએ તેઓની સામેનાં ગુનાનો ઈન્કાર કરેલ છે. ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ રાખેલ છે.

**–: મૌખિક તથા દસ્તાવેજી પુરાવો :–**

| ક્રમ | વિગત | આંક નં. |
|---|---|---|
| ૦૧. | પંચ હાર્દિકભાઈ જેન્તીભાઈ બારૈયાની જુબાની | ૧૨ |
| ૦૨. | પંચનામુ | ૧૩ |
| ૦૩. | પંચ રાકેશ નાનજીભાઈ કંટારીયાની જુબાની | ૧૪ |
| ૦૪. | ફરિયાદી ભગીરથસિંહ ગંભીરસિંહ ગોહિલની જુબાની | ૧૫ |
| ૦૫. | ફરિયાદ | ૧૬ |

(૩) સદર કામે ઉપરોકત રજુ પુરાવો વંચાણે લેતા, આરોપી નં.૨ થી ૪ નાઓનું ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં તેઓ નિદોર્ષ હોય અને ગુના વિશે કંઈ જાણતા ન હોય તેમજ ખોટી રીતે ગુનામાં સંડોવી દીધેલાનું જણાવેલ છે.

(૪) ત્યારબાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી અને આરોપી નં.૨ થી ૪ નાઓ પક્ષે તેઓનાં વિ.વ.શ્રી ની દલીલો સાંભળી.

(૫) સદર કામે કેસનાં ન્યાયિક નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

| | |
|---|---|
| (૧) | શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ ગેરકાયદેસર અને વગર પાસ પરમીટે પોતાના કબજા ભોગવટાની મારૂતી સ્વીફ્ટ કાર રજી નં.જીજે–૦૪–સીજે–૧૪૨૧, કિ.રૂ.૨,૦૦,૦૦૦/– માં દારૂની બોટલ નંગ–૧, કિ.રૂ.૩૦૦/– તથા બીયર ટીન નંગ–૧, કિ.રૂ.૧૦૦/– મળી કુલ રૂ.૨,૦૦,૪૦૦/– ના મુદ્દામાલ સાથે પકડાઈ જઈ પ્રોહીબીશન એકટ કલમ : ૬૫(એ,એ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ? |
| (૨) | શું હુકમ ? |

(૬) ઉપરોકત મુદ્દાઓનાં મારાં નિર્ણય નીચે મુજબ છે :–

| | |
|---|---|
| (૧) | નકારમાં |
| (૨) | આખરી હુકમ મુજબ |

(૭) ઉપરોકત નિર્ણય અંગેનાં મારાં કારણો નીચે મુજબ છે.

## – // કારણો //–

(૭.૧) સદર કામે ફરીયાદપક્ષે પંચનામા સંદર્ભે આંક–૧૨ તથા આંક–૧૪ થી પંચસાહેદોને આરોપીઓ વિરૂઘ્ધનો આક્ષેપ પુરવાર કરવા માટે તપાસેલ છે જેઓ બનાવવાળી જગ્યા તથા અટક પંચનામાના પંચસાહેદો છે. આ પંચસાહેદોની ઉલટતપાસ સહિત જુબાની વંચાણે લેતાં, તેઓએ સરતપાસમાં તૈયાર પંચનામામાં સહી કર્યા સિવાય બીજી કોઈ હકીકત જાણતા ન હોવાની સાથે એક ફોરવ્હીલમાં એક બોટલ હોવાનું જણાવેલ છે પરંતુ તે બોટલ શેની હતી તેની તેઓને ખબર ન હોવાનું પણ સ્વીકારેલ છે. વધુમાં સરકારશ્રી તરફે સદર પંચસાહેદોને વિમુખ જાહેર કરી વિ.એ.પી.શ્રી ઘ્વારા સદર પંચોની ઉલટતપાસ કરતાં પણ તે બોટલ બીયર કે દારૂ હોવા બાબતે સ્પષ્ટ ઈન્કાર કરેલ છે જેથી પણ પંચસાહેદો પંચનામાને સમર્થન કરતાં ન હોવાનું ફલિત થાય છે.

(૭.૨) ફરીયાદપક્ષે આંક–૧૫ થી આ કામનાં ફરિયાદી ભગીરથસિંહ ગંભીરસિંહ ગોહિલને તપાસેલ છે તેઓએ ફરીયાદની હકીકત મુજબનો પુરાવો રજુ રાખેલ છે, સદર સાહેદની બચાવપક્ષના વિ.વ.શ્રી ધ્વારા ઉલટતપાસ કરાતાં એવી હકીકત બહાર લાવેલ છે કે, બનાવવાળી જગ્યા જાહેર રોડ હોવાથી વાહનોની સતત અવરજવર હોય છે. આ કામે તેઓએ કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી. પંચો સિવાય ફકત પોલીસ સ્ટાફના નિવેદન લીધેલ છે. આ કામે ફરિયાદી તેમજ ત.ક.અમલદાર બંને તેઓ પોતે જ છે.

(૮) પ્રસ્તુત કેસમાં આરોપી વિરૂઘ્ધ ઘી ગુજરાત પ્રોહી.(એમેન્ડમેન્ટ) એકટ–૨૦૧૭ ની કલમ–૬૫(એ,એ), ૧૧૬(બી), ૯૮(૨),૮૧ મુજબનાં ગુનાનો આક્ષેપ છે.

આ કામે પડેલ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો આક્ષેપિત ફરીયાદ હકીકતે રજુ કરવામાં આવેલ પંચનામુ આંક.૧૩ થી રજુ છે તે જોતાં પંચોની હાજરીમાં આરોપીને અટક કરવામાં આવેલ ન હોવાનું અને મુદ્દામાલ કબજે કરવામાં આવેલ ન હોવાનું સ્વતંત્ર પંચસાહેદોનાં પુરાવાથી ફલિત થાય છે, એટલું જ નહિં પરંતુ સદર પંચનામાનાં પંચ સાહેદોએ તેમની રૂબરૂમાં પંચનામાની કાર્યવાહીનો સ્પષ્ટપણે ઈન્કાર કરેલ છે. વધુમાં આંક–૧૫ થી ફરિયાદી તેઓની ઉલટતપાસમાં કબુલ રાખેલ છે કે, બનાવવાળી જગ્યાએ સતત અવરજવરવાળી જગ્યા છે અને તેઓએ આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી. વધુમાં આ કામે ફરિયાદી તેમજ ત.ક.અમલદાર બંને એક જ વ્યકિત છે જેથી પણ તપાસની કાર્યવાહી દૂષિત થવાનો સંભવ રહેલ છે. આમ, જયારે સ્વતંત્ર સાહેદો મળી શકે તેમ હોવા છતાં આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા ન હોય તથા ફરિયાદી અને ત.ક.અમલદાર બંને એક જ વ્યકિત હોય અને તે સિવાય કોઈ સ્વતંત્ર સાહેદોનો પુરાવો રેકર્ડ પર આવેલ ન હોય ત્યારે ફકત પોલીસ સાહેદોની જુબાની પર આધાર રાખી શકાય નહી. વધુમાં ફરીયાદ હકીકતે કથિત પંચનામાને સમર્થન મળતું નથી. નામદાર ગુજરાત હાઈકોર્ટ નાં જીવાભાઈ ટી.વસાવા વિ. સ્ટેટ ઓફ ગુજરાતનાં ચૂકાદામાં ઠરાવેલ સિઘ્ધાંત મુજબ જયારે પંચસાહેદો પંચનામાની હકીકતોને સમર્થન આપે નહિં ત્યારે પંચનામાની વિગતો અનુસાર ગુનો બનેલ હોવાનું શંકાસ્પદ બની જાય છે. ફરીયાદપક્ષે આરોપીઓ નં.૨ થી ૪ વિરૂઘ્ધ નિઃશંકપણે આક્ષેપ પુરવાર કરવાનો રહે છે, પરંતુ હાલનાં કેસમાં રજુ થયેલ પુરાવો શંકાસ્પદ જણાય આવતો હોઈ તેનો સીધો લાભ આરોપી નં.૨ થી ૪ ને મળવાપાત્ર છે. આમ, ફરીયાદપક્ષ આરોપી નં.૨ થી ૪ વિરૂઘ્ધનો કેસ નિઃશંકપણે સાબિત કરવામાં સફળ રહેલ નથી તેવું ઉપરોકત ચર્ચા કર્યા મુજબનાં કારણોસર અત્રેની

અદાલતનું નમ્રપણે માનવું છે જેથી મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## –// આખરી હુકમ //–

૧. આ કામનાં આરોપી નં.૨, ૩, ૪ નાઓને ક્રિ.પ્રો.કોડ કલમ–૨૪૮ (૧) અન્વયે, ધી ગુજરાત પ્રોહીબીશન (એમેન્ડમેન્ટ) એકટ–૨૦૧૭ ની કલમ–૬૫(એએ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧ મુજબનાં શિક્ષાપાત્ર ગુનામાંથી પુરાવાનાં અભાવે છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામે આરોપી નં.૧ વિરૂધ્ધનો કેસ ચાલુ હોય જેથી મુદ્દામાલ બાબતે હાલ કોઈ હુકમ કરવામાં આવતો નથી.

૩. આ કામના આરોપી નં.૨,૩,૪ નાઓએ સી.આર.પી.સી.ની કલમ ૪૩૭–એ મુજબ આજ તારીખથી છ માસની મુદત માટેનાં અપીલ અદાલત સમક્ષ હાજર રહેવા બાબતના, પ્રત્યેક આરોપીએ રૂા.૫૦૦૦/–(પાંચ હજાર) નાં જામીન અને તેટલી જ રકમના જાત મુચરકા રજુ રાખવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખૂલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી જાહેર કર્યો.

ઘોઘા.
તા.૦૯/૧૨/૨૦૨૨

(હિમાંશુ ચૌધરી)
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટકલાસ
ઘોઘા
યુનિક જજ કોડ : જીજે૦૧૧૮૦

એસ.જે.જોષી, પીએ